<u>ક્રિમીનલ કેસ નં.૧૪૫૮/૨૦૨૨</u>

## <u>મહે.ઝાલોદના એડી.જયુ.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.ઝાલોદ.</u>

ફરીયાદી – શ્રી સરકાર

આંક–૦૬.

વિરુધ્ધ.....

આરોપી – સુરેશભાઈ પારસીંગભાઈ ડામોર
રહે.ચાકલીયા પડાતીયા,તા.ઝાલોદ,જી.દાહોદ.

**ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ.એ. મુજબ**

## –: <u>ચુ કા દો</u> :–

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે વગર પાસ પરમીટનો, ગેરકાયદેસર દારૂ, પોતાના કબ્જામાં રાખી, મળી આવી પકડાઈ જતાં, તે સબબની ફરિયાદ ફરિયાદીએ આપતાં ફરિયાદીની ફરિયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની ઉપરોકત કલમ મુજબના ગુન્હાઓ સબબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ બજતા તે આ અદાલત સમક્ષ હાજર થયેલા અને આરોપીને પોલીસ તપાસની નકલો પુરી પાડયા બાદ આંક–૦૩ થી આરોપી સામે તહોમતનામું ફરમાવ્યા બાદ આંક–૦૪ થી પ્લી લેતા આરોપી ગુનો કબુલ કરે છે અને આરોપીની આંક–૦૫ થી ગુના કબુલાત પુરસીસ આપી સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાનું જાહેર કરે છે. આથી આરોપીની કબુલાતની ખરાઈ કરવામાં આવેલ અને આરોપીની કબુલતા સ્વૈચ્છીક હોવાથી આરોપીની કબુલાત સ્વીકારવામાં આવે છે અને આરોપીને તેઓની સામેના ગુનામાં તકશીરવાન ઠરાવવામાં આવે છે. આરોપી જણાવે છે કે, તેઓનો પ્રથમ ગુનો છે. તેઓ ગરીબ અને બાળ બચ્ચાવાળા માણસ છે અને કુટુંબમા એકલા જ કમાનાર છે. હવે પછી આવો ગુન્હો નહી કરે તેવી ખાતરી આપે છે. જેથી દયા કરવા અરજ કરેલ છે. આરોપીની કબુલાત સ્વૈચ્છીક હોવાથી આરોપીને તેમના સામેના ગુનામાં તકશીરવાન ઠરાવવામાં આવે છે.

(૩) આરોપીની રજુઆત અને તેની આર્થિક અને સામાજીક પરિસ્થિતિ તથા નામદાર વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચંદજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહું ચુકાદાના પાના નં.૭૨૧ પર પેરા નં.૨૧ માં જે કારણો જણાવે છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતી એન સંજોગોને ધ્યાને લઈ કાયદામાં ઠરાવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો છે. તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હુ નમ્ર પણે માનુ છુ. આથી સજા અંગે આરોપીના વિ.વકિલશ્રીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**– હુકમ –**

(૧) આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૧ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ.એ. મુજબના ગુનામાં દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ના ભરે તો દિન–૦૧ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ:–૧૨મી, માહે:–નવેમ્બર, સને:–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ:–૧૨/૧૧/૨૦૨૨<br>
સ્થળ :– ઝાલોદ.

( ડો.પુર્વી કૌશિકભાઈ પંડયા )<br>
અધિક જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,ઝાલોદ.<br>
કોડ નં.જી.જે.૦૧૩૯૮